"Driving Salamat To Jivan Salamat"

**અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન**

**Akhil Gujarat Truck Transport Association**

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

---

**રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૧૯-૨૦૨૦/૧૯** **તા.૨૩-૦૯-૨૦૧૯**

**<u>ખાસ જરૂરી</u>**

**પ્રતિશ્રી,**
**માન.શ્રીમતી સુનયના તોમર**
**પ્રીન્સીપલ સેક્રેટરી-બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર.**

**<u>વિષય : રાજ્ય સરકારે દંડની જોગવાઈ અંગે નવા બહાર પાડેલા જાહેરનામા બાબતે</u>**

**માનનીયશ્રી,**

**જય ભારત સાથ જણાવવાનું કે અમને જુદા જુદા એસોસીએશનો, ટ્રાન્સપોર્ટરો, ગાડીમાલીકો તરફથી મળેલ ફરીયાદો મુજબ ઉપરોક્ત વિષયે બહાર પાડેલા જાહેરનામામાં અમુક ચોખવટો અંગે અમારી રજુઆત નીચે મુજબની છે.**

**<u>૧. ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્શન અંગે :-</u>**

**ઉપરોકત જાહેરનામામાં કલમ ૧૮૩ મુજબ ખાસ કરીને કોમર્શીયલ માલવાહક વાહનો અને ટ્રકોમાં કે જેમાં સ્પીડ ગર્વનર (સ્પીડ લીમીટીંગ ડિવાઈસ) ફરજીયાત પણે લગાડેલ હોય છે. તેમ છતાં આ કલમ હેઠળના પહેલા ગુનામાં રૂા.૪,૦૦૦/-નો દંડ અને બીજા ગુનામાં છ માસ માટે ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ કરવાની જોગવાઈ છે. જે ખાસ કરીને માલવાહક વાહનો અંગે યોગ્ય લાગતું નથી અને આમ પણ અત્યારે ૨૦% થી ૨૫% વાહનો ડ્રાઈવરની અછતને કારણે "ઓફ રોડ" છે. જે ડ્રાઈવરોની અછતમાં વધારો કરી શકશે તેમજ નાના ગાડી માલીકોએ (Self Employed) બેરોજગારીના ભોગ બનવું પડશે.**

**<u>૨. વાહન ઉપર લાગતા દંડની જોગવાઈની ચોખવટ અંગે :-</u>**

**અમને મળેલ રજુઆત મુજબ ઘણી જગ્યાએ કોઈપણ ગુના હેઠળ કરવામાં આવેલ ગુનામાં વાહન માલીક અને ડ્રાઈવર ઉપર અલગ-અલગ દંડ લેવામાં આવે છે જે જાહેરનામાની વિગતો જોતા આવું કોઈ પ્રાવીધાન નથી અને ખાસ કરીને રોડ ઉપર ટ્રાફિકનું નિયમન કરતા પોલીસ દ્વારા ઉપરોકત અર્થઘટન કરી બમણો દંડ લેવામાં આવે છે. જે યોગ્ય છે કે નહિ તેની ચોખવટની જરૂર છે.**

**<u>૩. ઓવરલોડના દંડની જોગવાઈ અંગે :-</u>**

**જો કે ઓવરલોડના ગુનાઓમાં ઓવરલોડ કરનાર કોઈપણ ટ્રાન્સપોર્ટર કે વાહન અંગે સંસ્થા તરીકે અમને કોઈ સહાનુભૂતિ નથી કે કોઈ રજુઆત નથી કરવા માંગતા, પણ ઉપરોક્ત જાહેરનામામાં દર્શાવેલ દંડની જોગવાઈ મુજબ ઓવરલોડના પહેલા ટનના રૂા.૫,૦૦૦/- અને ત્યારબાદ તેના ઉપરના પ્રત્યેક ટન દીઠ રૂા. ૧,૦૦૦/-ની જોગવાઈ છે.**

"Driving Salamat To Jivan Salamat"

**અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન**

**Akhil Gujarat Truck Transport Association**

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801



તે અંગે અમારી નમ્ર રજુઆત એ છે કે પ્રથમ એક ટનના રૂા.૧,૦૦૦/- અને ત્યારબાદ વધારાના ટન દીઠ આપને યોગ્ય લાગે તે રીતે દંડ જાહેર કરી શકો છો કારણ કે ઉપરોક્ત જોગવાઈ મુજબ જે લોકો ઈન્ટેન્શનલ ઓવરલોડર નથી પણ તેના સિવાયના કોઈપણ બીજા ધ્યાન બહારના કે કન્ટ્રોલ બહારના કારણોસર અમુક કિગ્રા.ના વજન ફેરને કારણે રૂા.૫,૦૦૦/-ના દંડની વ્યાખ્યામાં આવી જતા ખોટી તકલીફ ઉભી થઈ શકે છે.

સાથે સાથે અમારો સવાલ એવો છે કે ઉપરોક્ત જાહેરનામા પ્રમાણે ઓવરલોડ અંગે કલમ ૧૯૪(૧) મુજબ તેના દંડની સત્તા મોટર વ્હીકલ એક્ટના અમલદારોને જ આપેલ છે તો પોલીસ આ બાબતના કેસ કરી શકે ?

**૪. જુના ડીએ કેસ અંગે :-**

અમને રાજ્યભરમાંથી ઘણી રજુઆતો મળી છે અને તે મુજબ વર્તમાન વાહન માલીકની જાણ બહાર ઘણા બધા જુના ડીએ કેસને કારણે વાહન અંગેના કોઈપણ કામ માટે આર.ટી.ઓ. કચેરીમાં જતા જે-તે કામ દંડ ભર્યા વગર થઈ શકતુ નથી અને વાહન અટકી જાય છે. આ ઉપરાંત નવું જાહેરનામું બહાર પડયા પહેલાના જુના ડીએ કેસમાં જુના પરિશિષ્ટ પ્રમાણે જ દંડ લેવો જોઈએ એવી અમારી નમ્ર રજુઆત છે.

**૫. વ્યાપારિક માલવાહક વાહનોમાં સીટબેલ્ટ અંગે :-**

અમને મળેલ ફરીયાદ મુજબ ઉપરોક્ત વાહનોમાં કલમ ૧૯૪(બી) મુજબ ડ્રાઈવર સિવાય કંડકટર/ હેલ્પર/ખલાસી/મજુરને પણ સીટબેલ્ટ ન બાંધવા અંગે દંડ થાય છે. તો અમારી રજુઆત એવી છે કે કલમ ૧૯૪(બી)માંથી માલવાહક વ્યાપારીક વાહનોમાંથી ડ્રાઈવર સિવાયના ને લાગુ ન પડવાની ચોખવટ થવી જોઈએ.

**૬. રીઝીડ ચેસીસમાં હાઈટ અંગેના ગુના અંગે :-**

ઉપરોક્ત બાબતે તા.૦૩-૦૫-૨૦૧૬ના પત્ર મુજબ એગ્રો પોડક્ટ, હાઉસ હોલ્ડની સાથે લુઝ ગુડસનો સમાવેશ કરેલ, જે તા.૧૨-૦૯-૨૦૧૯ના જાહેરનામા પ્રમાણે તેનો પાઈપ્સ, મેટલ પ્લેટસ અને ચેનલ્સ સાથે સમાવેશ કરેલ છે, જે અંગે તેને એગ્રો પ્રોડક્સ અને હાઉસ હોલ્ડ ગુડસની કેટેગરીમાં ફરી સમાવેશ કરવાની અમારી રજુઆત છે.

**૭. કલમ ૧૯૦(૨)ના પ્રોવિઝન અંગે :-**

ઉપરોક્ત જાહેરનામામાં ઉપર જણાવેલ કલમ મુજબ રોડ સેફ્ટી, એર પોલ્યુશન અને નોઈસ પોલ્યુશન અંગેની દંડની જોગવાઈઓમાં કયા પ્રકારના ગુના હેઠળ દંડ થઈ શકે તેની વિગતો નથી. જેની ચોખવટ જરૂરી છે.જેથી આ કલમ હેઠળ ખોટા અર્થઘટનથી ખોટી દંડકીય કાર્યવાહી નિવારી શકાય તેમજ વિગતો મળતા તેનું પાલન કરવા માલવાહક વાહનોને તે પ્રમાણે સક્ષમ કરી શકાય.

"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801



**૮. <u>કલમ ૧૮૩ અને કલમ ૧૮૪ના પ્રાવિધાન મુજબ :-</u>**

ઉપરોકત કલમોમાં જણાવેલ વિગતો મુજબ વધુ સ્પીડ તેમજ ખતરનાક ડ્રાઈવીંગમાં માલવાહક વ્યાપારિક વાહનો અંગેની ચોખવટ કે તેમને બાકત રાખવા રજુઆત છે કારણ કે દરેક વ્યાપારિક માલવાહક વાહનોમાં સ્પીડ લીમીટ ડિવાઈસ ફરજીયાત છે.

**૯. <u>ગાડીના ડોકયુમેન્ટસ અંગે :-</u>**

ઉપરોકત વિગતે ખાસ વિનંતી કરવાની કે રાજયમાં વહન કરતી ગાડીઓમાં ગાડીના ઓરીજીનલ ડોકયુમેન્ટસને બદલે નોટરાઈઝડ કે સર્ટીફાઈડ ટ્રયુ કોપી માન્ય રાખવામાં આવે.

આ ઉપરાંત અમારી જાણકારી અને મળેલ રજુઆતો મુજબ ઘણી બધી કલમોમાં ચોખવટને અભાવે ખાસ કરીને પોલીસ દ્વારા અલગ-અલગ અર્થઘટનથી કાયદાનું નિરૂપણ કરવાનો પ્રયત્ન થાય અને માંડવાળ ફીની સત્તા તેમની પાસે ના હોય અને તેવા કેસો કોર્ટમાં મોકલવામાં આવે તો જે તે વાહન માલીકને માંડવાળ ફીની પરિશિષ્ટ લાગુ ન પડતા કેન્દ્ર સરકારના એકટ પ્રમાણેની દંડની જોગવાઈઓ લાગુ થશે અને જે નાના વાહન માલીકો માટે ખુબ જ અસહ્ય અને અનુચિત થશે.

વધુમાં અમારી ઉપરોકત બધી રજુઆત વ્યાપારિક માલવાહક વાહનો માટેની જ છે અને તે અંગે અમોને ચોખવટ/માર્ગદર્શન માટે સત્વરે આપશ્રીનો અનુકુળ સમય આપવા વિનંતી છે. જેમાં ખાસ કરીને એકસપાયર લાઈસન્સને રીન્યુ કરવા માટે ૫ વર્ષના સમયગાળાની છુટ હતી જે હવે એક વર્ષની કરતા ઘણા બધા લાઈસન્સ ધારકોને આ અંગેની ખુબ મોટી દુવિધા ઉભી થઈ છે તો તે અંગે અમો યોગ્ય રજુઆત કરી શકીએ.

આભાર સહ,

આપના વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
(કાર્યકારી પ્રમુખ)

હસુભાઈ એન. ભગદે
(માનદમંત્રી)

સામેલ : ૧. તા.૦૩-૦૫-૨૦૧૬ના પત્ર ક્રમાંક ૨૯૨૬
૨. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, અમદાવાદના તા.૧૯-૦૯-૧૯ના સમાચાર પત્રની નકલ
૩. ટ્રાફિક પોલીસ દ્વારા સીટબેલ્ટ અંગે આપવામાં આવેલ મેમોની નકલ

નકલ રવાના : ૧. માન.શ્રી રાજેશભાઈ મંજુ સાહેબ-વાહનવ્યવહાર કમિશ્નરશ્રી,ગાંધીનગર, ગુજરાત રાજ્ય.
૨. પ્રમુખશ્રી/માનદમંત્રીશ્રી-તમામ ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, ગુજરાત રાજ્ય.